C.C.No.: 1014/2024

// **આંક– ૧ લગત હુકમ** //

ફરીયાદ તથા રેકડ વંચાણે લીધુ.આ કામે ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબની ફરીયાદ કરતા ફરીયાદ ક્રિમીનલ રજીસ્ટરે દાખલ કરેલી. સદર કામે ફરીયાદી તથા તેના વકીલશ્રીએ તા. ૧૩/૦૩/૨૦૨૬ ના રોજ કોર્ટ રૂબરૂ હાજર થઈ આંક– ૨૯ થી પુરસીસ આપી જણાવેલ છે કે, સદર કામે આરોપીએ ફરીયાદીને બાંહેધરી લખી આપી ખાત્રી આપેલ છે કે,આગામી તારીખ ૧૩/૦૬/૨૦૨૬ સુધીમાં આ કામના ફરીયાદીને તેમણે વેચાણ રાખેલ વાહનની એન.ઓ.સી લાવી આપશે ત્યારે ચેક પરત લઈ લેશે અને જો આરોપી એન.એ.સી ના લાવી આપે તો આ કામના ફરીયાદીને તા. ૧૫/૦૬/૨૦૨૬ ના રોજ તેમની કાયદેસરની લેણી રકમ રૂા. ૫,૫૧,૦૦૦/– રોકડા ચુકવી આપશે અને આ માટે ફરીયાદીને આરોપીએ તેમની કોટક મહેન્દ્રા બેંક હિંમતનગર શાખાના ખાતા નં ૧૪૧૧૩૨૮૨૮ નો ચેક તા. ૧૫/૦૬/૨૦૨૬ ના રોજનો રકમ રૂા. ૫,૫૧,૦૦૦/–નો આપેલ છે. જેથી તેઓ સદર કેસ આગળ ચલાવવા માંગતા નથી અને સદર કામ વીથ ડ્રો કરે છે. તેવી પુરસીસ વંચાણે લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–::હુકમ::–**

સદર કેસ આંક– ૨૯ ની વિડ્રો પુરસીસથી લોકઅદાલતમા ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનામાંથી નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

તા. ૧૪/૦૩/૨૦૨૬
મેઘરજ

(શ્રી મતી જીનલ વિશાલ અઢીયા)
જીજે૦૧૪૦૮
એડી. સીવીલ જજ અને
જયુ.મેજી.ફ.ક.,મેઘરજ